ગુજરાતનો છેલ્લો રજપુત રાજા

મહારાજા કરણઘેલાના
નાટકનાં ગાયનો.

રચી પ્રસિદ્ધ કરનાર.

નારણદાસ મોતીરામજી મેહેન્ત.

ઊત્તરસન્ડાવાળા.

આવૃતી પેહેલી. પ્રત. ૧૦૦૦.

અમદાવાદ.

સલાપોસના દરવાજે ધી "ડાયમંડ જ્યુબિલી"
પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યાં.

સંવત. ૧૯૫૪ સને ૧૮૯૮

કીમત બે આના.

મુખ્ય પાત્રોનાં નામ.

સુત્રધાર....................નાટક ભજવનાર.
કરણ........................પાટણનો રાજા.
રૂપસુંદરી..... ....માધવ પ્રધાનની સ્ત્રી.
માધવ..................કરણનો પ્રધાન.
ખવાશ....................રાજા કરણનો નોકર.
સેનાપતી................કરણના લશ્કરનો ઉપરી.
કેશવ....................માધવ પ્રધાનનો ભાઇ.
મોતીશા..................માધવનો મીત્ર.
ચંદુ....................એક શેઠનો છોકરો.
અલાઉદ્દીન..............દીલ્લીનો પાદશાહ.
શેવલો...................એક ભરવાડ.
રાણીકોલા...............કરણની સ્ત્રી.
નાયક....................ચોરોનો ઉપરી.
દેવળદેવી-કનકદેવી....કરણની છોડીઓ.
શંકળદેવ................દેવગીરીના રાજાનો કુંવર.
ભાટ....................રામદેવનો કવી
મલેકકાફુર..............અલાઉદીનનો સરદાર,
ગુડીઓ...................એક વાઘરી.
અલફખાં................પાદશાહ અલાઉદીનનો ભાઇ.
હરપાળ....................કરણની માશીનો છોકરો.
બાવો....................કોઇ જંગલનો જોગી.

દાસ, દાશી, વારાંગનાઓ વગેરે.

મહારાજા કરણઘેલાના નાટકનાં ગાયનો.

અંક ૧ પેહેલો.

સુત્રધાર— ૧

સાય થજો જુગદીશ અમોને સાય થજો જુગદીશ.
પાય પડીને અરજ કરીએ, કરીએ નમાવી શીશ. અમોને
કામ આરંભીએ આપ પ્રતાપે, આપો આગ્ના તમો ઇશ. અમોને.
સર્વે કામેને સર્વેરે હામે, રક્ષા કરો અહોનીશ. અમોને.
સેવક તારાનો એજ અરજ છે, ધાન્યે લેજો જગદીશ. અમોને.

વારાંગના— ૨

ગુરજર પતી રૂપ તારૂં (૨) દીશે છે અતી પ્યારૂં. ગુ૦
રત્ન સીંહાશન ઊપર બિરાજો તિક્ષણ આંખથી ભાળુંરે. ગુ૦
માથે મંડીલ શીર છત્ર બીરાજે, તીલક લાગે બહુ સારૂ રે. ગુ૦
ચંદ્રવદા અણીઆળી આંખો, ઊભી નેત્ર નિહાળુ રે. ગુ૦
સભા મધે કેવા આપ શેભોછો, દીશે છે રૂપ રસાળુ રે. ગુ૦
નજરો તમારી નેહ ભરી છે, મન હરણ કીધું મારૂં રે. ગુ૦

રાજા કરણ— ૩

સુણો પ્રધાન મારી વાત ધ્યાનમાં ધરો,
રાજમાં કાંઇ ખામી હોય તેનો બંદોબસ્ત કરો.

પ્રધાન—મહારાજા શી વાત કહું આપ રાજ્યની,
સુખ સાજમાં ખામી નથી સહુ સમાજની,
ચોર ખુની ધુતીઓ નહિ આપ રાજ્યમાં,
મોજ મજા માણે સૌ સૌના કાજમાં,
ચીંતા કશી દીલ કરો ન રાજના વીશે,
ઇંદ્ર સમુ તખ્ત આપનું જગતમાં દીસે.

વંત્રીઓ— ૪
અલ્યા મનુષ્ય આવ્યો કેમ, જલદી અહીંથી જા,
મોત ભમે છે તાહરૂં કાં અહીંથી દુર થા.

કરણ— ૫
શુણો દુષ્ટાઓ છો તમે કોણ, તુરત નામ મુજને આપો રે.
નહિ તો મારૂં તમોને આ ઠાર, તુરત.
હું છું વાઘેલ વંશ રાજા કરણ, તુરત.
તમો વશો છો મારી ધરણ, તુરત.
તેથી કરૂં હુકમ તમ શીશ, તુરત.
નહિ તો રૂઠયા જાણો જુગદીશ, તુરત.
નહિ નહિ ડરૂ તમથી લગાર, તુરત.
એવું સત્ય માનો નીરધાર, તુરત.

રૂપસુંદરી-સખીઓ— ૬
ગાઓ ગાઓરે સહીઓરો સહુ ટોળે મળીરે,
મહીમા ગાઓ તમો બહુચર માનોઆજ, ચુંવાળમાં વશે માત બળીરે;
સખીઓ સહુ ટોળે મળો, ગાઓ ગરબો આજની રાત;
રમીએ ગમીએ રીતથી, જઇએ થએ પ્રભાત.

ચાલો ચાલોરે સખીઓ સહુ હોંશ ધરીરે. ગાઓ ૧
શાં સુંદીર માનાં બેસણાં, શાં સુંદર માનાં રૂપ;
દેવ દાનવ કળી નવ શકે, જાણે ઇંદ્રપુરીનો ભુપ.
માની સાડી શોભે છે જેમ વીજળીરે. ગાઓ ૨
કનક સ્થંભ હીરે જડ્યાં, માંહી શોભે રત્ન મણી સાર;
માજી બેઠાં ગોખમાં, તેની શોભાનો નહિ પાર.
નાકે વાળી રહી છે કંઇ જળ હળીરે. ગાઓ ૩
મોતી ચોક પુરાવીઆ કીધી કુંમ કુંમ કેશર આડ,
માજી તારાં સુરધાંને, બહુ લડાવ્યાં લાડ.
અમારો આનંદ જાય છે તુજ આગળ ઢળીરે. ગાઓ ૪

કરણ— ૭

ખવાશ શુણુ વાત કહું એક જાગી,
જેમ વીજળી ચમકે બહાર તેમ મુને લાગી;
ઓ ઇંદ્ર અપસરા આવી શું મુજને છળવા,
કે માતા બહુચરા આવ્યાં શું મુજને મળવા.
અરે કોમળ રદયતું'બે ભાન કેમ બની જાએ,
ધરધીરજ તું મનની માંહ અરે હો હાયે;
શું હશે ગાંધ્રવી જાતકે રંભા રૂડી,
બોલબોલને મારા ખવાશ આંખ ગઇ ઊંડી.

ખવાશ— ૮

શું રાજાજી આપ આમ અફસોસ શીદ કરો,
અશ્રી જાતથી છળી મરીને દીલમાં કાંડરો,
નથી અપસરા કે જગદંબા આવીઆં અહીં,

ગાંધ્રવી કે રંભા રૂડી નથીરે કંઇ;
પ્રિયા એતો માધવ કેરી રૂપ સુંદરી નામ,
માતાજીનું પુજન કરવા આવ્યાં ત્યાં આઠામ;

કેશવ— ૯

અરે હાય હાય પ્રભુ તારે ઘેર શો અન્યાય,
રાજ મંદિર દીપાવા લાયક સ્ત્રી એવી જોઇએ;
વિધાતાની ભુલ થઇ તે જાણી નહિ કોઇએ. અરે. ૧
માધવ જાતે બ્રાહ્મણ કહાવે તેની એ ધણીઆણી,
કાગડાને ઘેર હંસણી તેની ન જડી એંધાણી. અરે. ૨
પરદુઃખભંજન નામજ ધરવું કરવું રૂડું કામે,
એને મારે ઘેર મંગાવું દીવસ જ્યારે જામે. અરે. ૩

સેનાપતી— ૧૦

શુણો કેશવજી મારી વાત મનમાં લીઓ,
રાજા તેડે તમ ભાભીને તે હમને દીઓ;
મારામારી કરવા નથી આવીઆ અહીં,
રૂપ સુંદરીને રાજાજીએ માગી છે તહીં;
જલદીથી આપોજ નહિ તો વીઘ્નરે થશે,
આખર અમો લઇને જઇશું પ્રાણ તમ જશે.

કેશવ— ૧૧

અરે શુણો દુષ્ટો પાપી ક્રુર રાજાજી નિર્દય કેમ થયોરે.
હાવે જુઓ દેખાડું મુંજ શૂર. રાજાજી.
કરવા પરસ્ત્રી સંગ ભોગ. રાજાજી.
તે હું તુંને મેળવું છું સંજોગ. રાજાજી.

હું છું નાગર બચ્ચો જાણ. રાજાજી.
રક્ષણ માટે આપું છું તુને પ્રાણ. રાજાજી.
ફટ ફટ કૃતઘ્ની કરણ. રાજાજી.
હવે નજીક આવ્યું છે તુંજ મરણ. રાજાજી.
બ્રમ હત્યા લાગશે તુજ શીશ. રાજાજી.
મારી વારે ચડજો જુગ દીશ. રાજાજી.

રૂપસુંદરી— ૧૨

અરેરે ઇશ્વરા ! પોકાર માહરો, આદીન દાશીનો દીલ નવ ધર્યો;
પતી વીયોગનું બાણ વાગીયું, મુજ સરીખું કોણ હશે અભાગીયું.
પ્રાણપતી તમે કાંયરે ગયા, અહીં માહરા શા હવાલ થયા;
કરમની કથા જાય ના કથી, દુઃખ સમુદ્રનો પારતો નથી.
પ્રાણપતી તમે ઝટ આવો આસમે, નીર્દય રાજા તો બહુરે દમે;
લાડલડાવીઆં મુજને અતી, કેમ મુકી ગયા હવે પ્રાણપતી.
દીન દાશીની ખબર લ્યો ફરી, દીયરજી તમે કેમ ગયા મરી:

કરણ— ૧૩

બોલ બોલ ને મારી સાથ, પ્રાણ પ્રીયા મારી,
હું દીલગીર થાઉંછું, જોઇ ઊદાશી તારી;
અરે લખ્યા હશે જે લેખ, મીથ્યા કેમ થાએ,
એ બ્રાહ્મણને ઘેર, દીન કેમ કરી જાએ.
હું કેહેવાઉં રાજા કરણ, ઊગારૂ મરણ, અરે હો પ્યારી,
હું દીલગીર થાઊછું જોઇ, ઊદાશી તારી;
મુને વ્યાપ્યો છે બહુ કામ, સાંભળી નામ, અરે ઓ તારૂં,
કેમ બોલતી નથી તું આજ હું વદન નીહાળું.

માટે બોલ મારી સાથ, ઝાલી કહું હાથ, અરે ઓ પ્યારી,
હું દીલગીર થાઉંછું જોઇ ઉદાશી તારી.

માધવ— ૧૪

અરે ઓ પ્રભુ શું થાશે વિભુ, આરાધું આજ અરે ઓ શંભુ,
કર્યો શો કોપ પ્રભુ મારા, ભ્રાત મુજ ક્યાં ક્યાં ગઇ દારા;
રાજાએ હુક્મ કર્યો, ગયો વિદેશ મોઝાર,
ઘરબાર મારૂં લૂટીયું, લઇ ગયો મુજનાર;
આવડું કેમ દુઃખ દીધું ઓ વિભુ. આરાધું.
ભ્રાત મારો ક્યાં ગયો, ક્યાં ગઇ સાધવીનાર,
નીસ્તેજ મેહેલ મારો થયો, કો રહ્યું નહિ આ ઠાર;
રહ્યું કેમ જાય અરે ઓ પ્રભુ. આરાધું.
નશીબે શું ધાર્યું હશે, હશે થવાનું શુંય,
એકે વાત સુજે નહિ, ક્યાં જઇ રહું હુંય;
સહાય કરજો મુને હો વિભુ. આરાધું.

માધવ— ૧૫

અરર પ્રભુ આતેં શું કર્યું, કર્યો આવડો શો કેરજી,
ક્યારે ભવોનાં વેર વાળીયાં, આણી મુજ પર ઝેરજી;
ક્યાં જઇ કહું દુઃખ માહરૂં.
ભ્રાતુ મારો વૈકુંઠે ગયો, પડયો પ્રિયા વિજોગજી,
ભોજાઇ મારીરે સતી થઇ, કીયા કરમના ભોગજી,
ક્યાં જઇ કહું દુઃખમાહરૂં.
ધીકધીક રાજારે તુંજને શીખ્યો આવડી કેમ જારજી,
બંધુ મારાને તેં તો હણ્યો, હરણ કરી મુજનારજી;
ક્યાં જઇ કહું દુઃખ માહરૂં.

ધન્ય ધન્ય બંધુરે માહરા, ધન્ય ધન્ય તુંજ નારજી,
સાતપેડી તારી માહરી, સતી થઇને આ વારજી;
ક્યાં જઇ કહું દુ:ખ માહરૂં.
કૈલાશ વાશી ધન્ય કેશવા, જાતે નીવડયો રતનજી,
જાન તજ્યો પરમારથે, કરવાને જતનજી;
ક્યાં જઇ કહું દુ:ખમાહરૂં

માધવ— ૧૬

મારો ચતુર શિરોમણી ક્યાં ગયો,
મુકી મુજને હો ભ્રાત સુખી ક્યાં થયો. મારો. ૧
ધન્ય ધન્ય હો બંધવા મારારે, શાગુણ વખાણું હું તારારે,
પ્રભુ મુજપરે આવો કેમ થયો, મારો દીલજાન ભ્રાત ક્યાંજઇ રહ્યો મારો.૨
મમ હૈયા કેરા હારરે, કોણ લેશે તમારી સંભાળરે,
મારા સુખ દુ:ખના વિશ્રામરે, તમે જઇ પહોંચ્યા કોણ ધામરે. મારો.૩
મારી ગઇ છે સુધને સાનરે, નથી રેહેતું ભ્રાતા મુને ભાનરે,
દુ:ખ દરિઓ મુજપરે આવી પડયો, તેનો ભાર કેમ મારાથી જાય વહ્યો. મારો.૪

મોતીશા— ૧૭

મીત્ર કેરી લેજો સાર, પ્રભુ મારા મીત્રની લેજો સાર,
હુંછું મીત્ર માધવ કેરો, જાઉંછું કરવા વહાર. પ્રભુ.
બંને મીત્રો અમો જોડે રખડીશું, ખોળવા કરણનો કાળ. પ્રભુ.
દુષ્ટ કરણને ઠેરરે કરવો, વરતાવવો હાહાકાર. પ્રભુ.
નમન કરી તુંજ પાસે માગુંછું, રસ્તો બતાવો દીનદયાળ. પ્રભુ.

માધવ— ૧૮

અરે હો માતારે મારી કૃપા તમારી, કરોને મુને આજ,
હુંછું સેવક તમ તણો, માય હો આવી બહાંય;

દુઃઇ હરણુ જેણે દુઃખજ દીધુ, તેનો શત્રુ વશેછે ક્યાંય. અરે.
તે માતા મુજને દેખાડો, કહુંછું નામી શીશ,
માતા અંબીકા સાહેરે થાજે, થાજો સાહે જુગદીશ. અરે.
આરાસુરી મા અંબિકા, તું સાંભળ મારૂં દુઃખ,
કષ્ટ હમારૂં દુઃર કરી મા, પમાડો અમને શુખ. અરે.
સુખ પમાડો માતારે મારી, મેળવી કરણુનો કાળ,
આશાપુરોને માતારે મારી, વિનવે છે આ બાળ. અરે,

ચંદુ— ૧૯

જુઓ જુઓ ફજેતી આ ફક્કડ ફરસુરામની;
છે રોફમાં ગુલતાન નથી અક્કલ એક બદામની. જુઓ.
બીબાજી છે કેવા જેવા રાજાના કુંવર જેવા;
નથી કોઇ મળતા એવા ખોળું દીવસ જામની. જુઓ.
માગી તાગી લુગડાં લાવી પેહેરવાની રઢ લાગી;
ધીક છે શેઠાઇ એવા પોલા પૈસાદારની. જુઓ.
ચોટલીને હોળી ચોળી ધુપેલમાં રગદોળી;
પુમડાં અતરમાં બોળી અંદર ઘાલતા કાનની. જુઓ.
ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે ચુલા આગળ ચાટવા લડે;
ધુળ ઘરમાં ઉડે થઇ ભેગી આખા ગામની. જુઓ.
અન્ન પાણી આબરૂ વીના પ્રભુએતો સબ દીના;
પગરખાં તો લાવે ઝીના ધીર નથી બદામની. જુઓ.

અલાઉદ્દીન— ૨૦

અરે મેરે પ્રાણુસે પ્યારા થાઓ ન ન્યારા આવ્યા ક્યાંસે આજ
કુન દેશમાં વસોછો પ્યારા શું છે તમારૂ નામ,

શાય કારણે આંહી પધાર્યા શાંય પડયાંતાં કામ. અરે. ૧
ક્યાંસે આયે ને ક્યાં જાતેહો, બોલો સત્ય વચન;
દેખાવોછો રૂડા રાજવી સરખા, લાગેછો કાંઈ કર તન. અરે. ૨

માધવ— ૨૧

જ્યાં પનાહ એક અર્જ મારી સાંભળો દઇ કાન,
ગુજરાત દેશના રાજાજી તે કરણનો પ્રધાન,
તે રાજા જાતે લંપટ કહાવે લુંડ હરામી જેહ,
પરસ્ત્રી પોતાની કરવા નજર રાખે તેહ.
ભ્રાત મારો મારીઓ ને લેઇ ગયો મુજનાર,
નોકર મારા મારીઆ વરતાવ્યો હાહાકાર;
માટે આપ પાસે આવ્યો છું હું કેહેવા મુજ દુઃખ,
સેવકની અરજ ધ્યાન ધરીને પમાડો અમને સુખ.
ગુજરાતની ભુમી રસાળ છે અતી ફળદ્રુપ,
સ્ત્રીઓ પણ ગુણવાન કેવી શું વખાણું રૂપ;
માટે તમો ચુકસો નહિ લેવાને એ રાજ,
રૈયત સઘળી દુઃખથી છુટે ઓલવાય મારી દાઝ.

અલાઉદ્દીન— ૨૨

અરે મારા સુરા સરદારો જાઓ જીતવા તમે,
જાઓ જીતવા તમે ઇનામ આપીશું અમે. મારા.
બાઇ અલીફખાં ઊઠો જલદી કરો તમો તૈયારી;
સેનાપતી નશરતખાં તમો લશ્કર લ્યોને ભારી. મારા.
ગુજરાત દેશ જીતીને આવો લાવો કાંઇક નવીન;
શત્રુઓને પકડીને તમો મારોને આ દીન. મારા.

અંક ૨ જો.

સર્વ લોકો—　　　　　　૨૩

સાંભળો અમારી દાદ ગુરજરપતી. (૨)
લશ્કર મોટું આવીને હમને નડેછે બહુ આજ.　　ગુરજર.
લશ્કર છે એ દીલ્લીપતીનું આવ્યું છે લેવા રાજ.　　ગુરજર.
ઘરબાર લુંટી દુઃખરે દીધું માર બહુ માર્યો શિરતાજ.　　ગુરજર.
માટે આવ્યા અમો અરજ કરવા તમો આગળ મહારાજ.　ગુરજર.

કરણ—　　　　　　૨૪

ઊઠો શુરવીરો થાઓ તૈયાર દુશ્મન દળ દુર કરોરે.
કરો કાંઇ નહિ આંહી વીચાર.　　દુશ્મન.
મારો મારો દુશ્મનને બહુ માર.　　દુશ્મન.
જીત કરી વરતાવો હાહાકાર.　　દુશ્મન.
હું કેહેવાઉં ગુરજરપતી રાજા કરણ. દુશ્મન.
સામો આવે તેને પાડુ ધરણ.　　દુશ્મન.
ચાલો ચાલો શુરવીરો આદીશ.　　દુશ્મન.
મારી દુશ્મન ઊતારો રીશ.　　દુશ્મન.

શેવલો—　　　　　　૨૫

અરે હો બાપુડી મારીરે, રે, તારા ઝાંઝરનો ઝમકાર,
ફાટલીસી હાડલી ને ફાટલો શો ઘાઘરો, ફરતો ઘુઘરાનો ઘમકાર.　અરે.
વાહ તારો ચુડલોને વાહ તારો ચોટલો, વાહ તારા મુખનો ઝળકાર;
વાહ તારા રંગને ને વાહ તારા ઢંગને, વાહ તારૂ નાક શીનાદાર.　અરે.
વાહ તારી હાંસડી ને વાહ તારી કાંચળી, વાહ વાહ તારો શણગાર;
ઘરમાં જો ઓચીંતો પેસવા જાઊતો, લાગેછે મુને ભણકાર.　અરે.

વાહ તારા ઘાટને ને વાહ તારા ડોળને. કાજળથી ઊજળો આકાર.
નથી કોઇ બીજી એવી દેખતો જગતમાં, તારા જેવી સુંદીર સાકાર. અરે.
હાલ હાલ હાલ આપણ જઇએજ વહેલાં, સોકરાંની લેશે કુન સાર;
રડશે કકળશે ને વઢશે ઝગડશે, કરશે તે મારામાર. અરે.

કરણ— ૨૬

અરે શુણો પરમ પ્રીયા મારી, માથે સંકટ આવ્યું ભારી;
આવ્યો દુષ્ટ અલાઉદ્દીન આજે, તેતો લેવાને આ રાજે.
જાઉ ઊતારવા રીશ પ્યારી, રજા દીઓ પરમ પ્રીયા મારી,
હું ક્ષત્રી બચ્ચો શુરવીર, રણમાં હણું કંઇક રણધીર.
હાહાકાર વરતાવું ભારી. રજા દીઓ પરમ પ્રીયા મારી.
રજા આપોને મુને આજે, જાઉં શત્રુ હણવા કાજે;
પાછો ઝટ આવું પાસ તારી, રજા દીઓ પરમ પ્રીયા મારી.

કૌળારાણી— ૨૭

એ શું રે કહોછો પ્યારા પ્રીતમજી તમે,
આપ વીના સ્વામી મુને, શી રીતે ગમે. એ શું રે.
ઘડી એક વીયોગ મુને, વર્ષના સમાન;
પ્રેમ આપનો પ્રીતમ, જળ મીન પ્રમાણ. એ શું રે.
માટે મુજથી દુઃર થાઓ ન, સ્વામી મારા આજ;
નહિતો મુને સાથે લેજો, મારારે શીરતાજ. એ શું રે.

કરણ— ૨૮

પ્રાણુથી પ્યારી. દુઃખ હરનારી શુંય વદોછો મુખથી વીચારી;
નથી રણમાં કાંઇ રમત ગમત, થાશે લડાઇ ઘણા ઘાવકારી. પ્રાણુથી.
માટે તે વાતો દુર કરીને, દીઓ રજા સતી સુખકારી; પ્રાણુથી.
આશીશ વચન આપો હાવે મુજને, જેથી થાએ ફતેહજ મારી. પ્રાણુથી.

કૌળારાણી— ૨૯

મારા પ્રીતમ પ્રાણ આધાર, જુધ્ધે જઇ જલદી આવજો,
મારા પ્રીતમ વેહેલા આવજો, મારા પ્યારા તુરત આવજો,
મારા સ્વામી સદ્ધ આવજો, મારા.
મારી મારી શત્રુને માર, ત્રાય ત્રાય સઘળે વરતાવજો. મારા.
લૂંટી લૂંટી દુશ્મનનો માલ, કંઇક નવીન ચીજ લાવજો. મારા.

કૌળારાણી— ૩૦

અરજ સુણો દઇ કાન, સૈયર મારી અરજ સુણો દઈ કાન,
સ્વામી આપણો વૈકુંઠ પધાર્યા, તેથી ઊતરી ગયાં સહુ માન. સૈયર.
દુષ્ટ દૈવે હાવે રંડાપો આપ્યો, આપ્યો દુઃખનો ભંડાર. સૈયર.
સુખનોરે સુર્યે આથમી રે ગયો, ગયો શીરછત્ર ભર્થાર. સૈયર.
ધરતીરે માતા માગજ દેને, લેને ભોગ હમારો આજ. સૈયર.
તુરકડાએ કેરરે કીધો, કીધો પ્રજા સકળનોરે નાશ. સૈયર.
પતીવ્રતાનું પણ સાચવવું, પતી પાછળ પાડવો પ્રાણ. સૈયર.
વંદીએ પ્રભુ તુને પાય પડીને, આટલી વીનંતી ધરજો ધ્યાન. સૈયર.

કૌળારાણી— ૩૧

મોસાળ પધારે રે બાળુડાં સોરઠ દેશની માંયજી,
પ્રીતમ મારા ગયા પરહરી, મુકી મુજને કયાંયજી.
મોસાળ પધારોરે બાળુડાં.
સ્વામી રે મુને તજી ગયા, પડયો પુત્રી વીજોગજી,
કેમરે સેહેવાય દુઃખ આવડું, કીયા કરમના ભોગજી.
મોસાળ પધારો રે બાળુડાં.
નાના વયે કોમળ અંગ છો, છો મુજ હૈયાના હારજી,

રે દેવળદેવી ને કનકદેવી, પરમ પ્રીય પ્રાણ આધારજી.
મોસાળ પધારો રે બાળુડાં.

રદય મારૂંરે ભડકે બળે બળેછે કોમળ કાયજી;
લેખ લખ્યા તે મટે નહિ, થવાનું હોય તે થાયજી. મોસાળ

નાયક— ૩૨

હાંભર પ્રાનપ્રીયા મારી હાચુ કહુંછું તુને;
હાચું કહુંછું તુને ઘણી ધારજે મને. હાંભર.
કરણ જેવો હતો પોતે તેવો હુંછું આજે;
મોંઢેથી જે માગે તે હું લાવું તારે કાજ. હાંભર.
ચોરોનો હું નાયક કહાવું કરવું ધાર્યું કામ;
સાહુકાર શેથને મારીને હું છીનવી લાવું દામ. હાંભર.

કોળારાણી— ૩૩

અરે ઇશ્વર કીધો શો કેર, શત્રુ તું મુજ થઇ;
મારા પ્રાણપતી પ્રાણનાથ લીધા તે કેમ લઇ.
મારી કનક અને દેવળદે બને મુજ દીકરી;
મેલી પ્રભુ રઝળતી આજ દશા શી મારી કરી.
રજપુત કુળની લાજ હવે રહેવાની નથી;
પડી તુરકડાને હાથ કોને હું કહું કથી.

દેવળદેવી તથા કનકદેવી— ૩૪

પ્રભુ આને કોપ શાને કર્યો
પિતાજી આ વેશ શાને ધર્યો
હતા રાજમાંહ ગાદી પતી
પ્રભૂ તેં શું આમ દીધી મતી
માતુ હમારી કયારે ગઇ
કો જાણે શું દશા તે થઇ.

કરણ— ૩૫

શુણો શુણોને પુત્રી ઓ મારીરે, માંથે સંકટ આવ્યું ભારીરે. સુણો.
બાધી વેરણ થઈ છે આપણીરે, કરડી નજરે જોયું આપણ ભણીરે સુણો.
તેથી આ ગતીને હું થઓરે, સુખનો સૂર્ય તો આથમી ગયોરે. સુણો.
મુકો મુકો શોક પુત્રીઓ મારીરે, જોઇ દયા ઉપજેછે તમારીરે. સુણો.

કરણ— ૩૬

અરે ઇશ આશું દુઃખ દીધું, રતન મુજ તેં હરણ કીધું
અકસ્માત આશું થયું, ને પુત્રી મારી ગઇ કયાંય
હંસતો ઉડી ગયોને દેહ પડી છે આંય
ઇશ્વરા શું કષ્ટ તે દીધું....................રતન.
રાજ ગયું રાણી ગઇ, ગઇ પુત્રી બાળ કુમાર
પ્રભુ તું નિર્દય શું થયો, કેમ થયો દુઃખ દેનાર.
આવડું શું દુઃખ અરેરે દીધું. રતન.

દેવળદેવી— ૩૭

જોને જગતની બહાર દાશી મારી (૨)
જગતપતીએ ખેલ બનાવ્યો, માનવ જાતને કાજ. દાશી. ૧
વસંતરૂતુ કેવી સોહામણી છે, ચંપા ચંએલી ખીલ્યાં અપાર.
સુંદીર શબ્દે નવીન પક્ષી, કેવાં કરેછે પોકાર. દાશી. ૨
ભ્રમરસ ભોગી દીલ શાંત કરવા, હશે પ્રીયા પાસે આવાર;
અભાગી માત્ર હુંજ દીશુંછું, મુજ પીયુ વીના આ ઠાર. દાશી. ૩

દાસી— ૩૮

શુંએ વીચારો વાત, બાઇજી મારાં (૨)
પીતા આપણા ઘેર પધારશે, સાંભળશે સર્વે સાક્ષાત. બાઇજી.
હજુ લગી આપ બાળ દીશોછો, શું વદોછો મુખથી ખ્યાત. બાઇજી

દેવળદેવી—શખ્ય શખ્ય ડહાપણ તુંજ દુર. હરામી દાશી. (૨)
મુજ વીશે દયા દીલ નથી આવતી, કેમ થાએછે તું કુર. હરામી
વેહની લાય બાળે છે કાય, જેથી ઊડી ગયું મુજ નુર. હરામી.

દેવળદેવી— ૩૯

અરે શો મધુર સ્વર અહીં છે (૨)
કૃષ્ણ કાળો બંનસીવાળો, શું આ વન મહીં છે ? અરે.

શંકળદેવ— ૪૦

છબીલી મુજ મન માંનીતી,
વીધા કળા ગુણ ચાતુરી, છો અતી જાણીતી. છબીલી.

દેવળદેવી—પ્રીતમજી કયાંથી આવ્યા આજે,
તનથી મનથી ધારી બેઠી, દરશનના કાજે. પ્રીતમજી.

શંકળદેવ—પ્રીયા તુંજ પ્રેમ લાગ્યો મુજને,
પ્રાણ જતાંપણ કરી પ્રયત્નો,રાખીશ હું પ્યારી કરી તુજને. પ્રી૦

શંકળદેવ-દેવળદેવી— ૪૧

જગતપતી છો તમે દીન દયાળ,
ભગત જનની વારે ચડવા કરો છો ઉતાવળ. જગતપતી.
બોડાણા આદી ભકતોને તાર્યા, કંશનો આણ્યો કાળ;
પ્રહલાદ સુધનવાને બળતા ઉગાર્યા, એવી લીધી સંભાળ. જ૦
માટે હમો બંનો અરજ કરીએ, સુણો જગત પ્રતીપાળ;
અમારી પ્રતિજ્ઞા સફળજ કરજો, વિનવે છે આ બાળ. જ૦.

દેવળદેવી સંકળદેવ— ૪૨

પ્યારા આ શું મુખથી ઊચરો,
તમ વીયોગે લાય પડશેજ મારી કાય;

મુજ મનડું મુન્જય દયા દીલ ધરો. પ્યારા.
ચતુર ચીત ચોરી જાઓ, પ્યારી આવાં શુંય થાઓ.
કાંઈ હીંમત મનમાં ધરો જરા. પ્યારા.
શું જવા કરો વાત. જવું પડશે સાક્ષાત,
જાણે વાત તુંજ તાત, વીઘ્ન થાશે ભારી. પ્યારા.
જાઊં જાઊં હાવે પ્યારી, કરો ને મુને ન્યારી,
સાંભળી તુંજ વાણી ખુશી થાઊં અતી. પ્યારા.
રંગ છે રંગીલી રાણી, જાઓ ટેવ તમારી જાણી,
રજા આપો જાઉં આજ હું, શાણી રાણી. પ્યારા.

દેવળદેવી— ૪૩

પ્રાણ પતી મારા આંખના તારા, કેમ થયા ન્યારા મુજથી,
વીયોગ બાણ નવ સેહેવાય મુજથી, નવદુર કરો પ્યારા તુંજથી
પ્રાણપતી. ૧
છળભેદથી પ્યારા છેતરી ચાલ્યા, કેમ રીસાઇ ગયા પ્યારા મુજથી
પ્રાણપતી. ૨
સુખ સાજ સહુતાજ કરૂં છું, તુંજ વીણુ દુર રહું મોજથી. પ્રાણપતી. ૩
રાગ નસુજે વાત ન બુજે, દીલગીરછું પ્યારા હું તુંજથી. પ્રાણપતી. ૪

ભાટ— ૪૪

ધન્ય ધન્ય કરણ રાજ, રાજપાટ કીયાતાજ,
સુખ સાજ છોડકે, આંહી આપ બિરાજે હો;
દેવગીરી કે રાજપેં, સંકળદેવ પ્રગટ ભયો,
શીંહનકી મીસા લેવો, જંગલ મેં જનાયોહે.
વીચા મેં ગૌતમ જેસો, શુરમેં અરજુન જેસો,

દયાળું વીક્રમ જેસો, રૂપ મેં કામ જેસોહે;
દેવળદેવી સંકળદેવ, બનમેં મેલાપ ભયોહે.
બંને જણ બાગકે બીચ, પ્રતિજ્ઞા લીઓ હે.

કરણ— ૪૫

અરે નહિ નહિ નહિ કદી એમ ન થશે,
નેવનાંનીર મોભે કદી નહિ જશે. અરે.
શું રજપૂત કંન્યા મરેઠાને જશે,
કદાપી એમ થશે તો મુજ પ્રાણ પણ જશે. અરે.
બંને જણને પ્રતિજ્ઞાનો મળ્યો હશે કંઇ જોગ,
પણ તે સઘળું મારા વીના જાણવું તારે ફોગ. અરે.

મલેકકાફુર— ૪૬

સુલતાન દીલધારી મારી અરજ સાંભળો,
દેવગીરીનો રાજા આપશું રાખે આંબળો. સુલતાન.
રજા દો તો ઝટ તેને લાવું આઠાર,
કહો તો તેને પકડી લાવી, મારૂં બહુ માર. સુલતાન.
માટે રજા આપો જાઉં, ઊતારવા આંબળો,
સુલતાન દીલધારી મારી અરજ સાંભળો. સુલતાન.

અલાઉદ્દીન— ૪૭

શાબાશ શાબાશ મારા શાણા સરદાર,
જાઓ જીતવા અરે જલદી થાઓ તમે તૈયાર,
રામદેવને પકડી લાવો મારો બહુમાર. શાબાશ.
પાછા જલદી આવો અત્રે જીતીને આવાર,
ભેટ બક્ષીશ મળશે તમને માનો નીરધાર. શાબાશ.

કૌળારાણી— ૪૮

શુણો કાપુરજી મારી વાત ઊરમાં ધરી,
બાગલાંણમાં કરણ પાસે છે મુજ દીકરી;
તેને તેની પાસેથી લાવજો અહીં.
નથી ચેન પડતું મુને તેના વીના સહીં.

દેવળદેવી ૪૯

અરે અહો પ્રભુ મારા, કોપશો કીધો મુજ દાશીપરે,
પીતા હમારો નીકળ્યો હત્યારો, કોને કહું અરે,
સુખનો સુર્ય અસ્તપમાડયો, પીતા મારા એરે. અરે.
માગું સંકળદેવનું પાછુંરે ગયું, હાવે શું થાશે અરે,
રંગમાં ભંગ પીતા એજ કીધો, કેમ કરી કામ સરે. અરે.
તન મનથી હું વરી ચુકીછું, સ્વામી સંકળદેવ ખરે,
જો કદી તે મુને નહિ મળે તો, ઝુરી ઝુરી મરેશરે. અરે.

કરણ— ૫૦

શોક છોડ પુત્રી તું મારી. ટેક.
રેહાંહાંરે તુંજ શોક જોઇને હાય, બળે છેકાય કહું શું પ્યારી. શોક.
,, ,, તુંજ મનમાંછે ચીંતાય, અતીઅન્યાય થાએછે ભારી. શોક.
,, ,, તેં લીધોછે જે નેમ રેહેશે તે કેમ, પરમ પ્રીયમારી. શોક.
,, ,, આપણે કેહેવાઇએ ક્ષત્રી જાત, કહું ખરેખાત માનો
સાક્ષાત કેહું પાશ તારી. શોક.
,, ,, વારે જો આપું હું તેને કન્યાય, થાએ અન્યાય, કલંક બેસે
ભારી. શોક.

દુત— ૫૧

હું દુત કેહેવાઉં કાપુર કેરો, આવ્યોછું મેં આંય
હુકમ મુજને એવો મળ્યોછે, જાઓ કરણ છે જ્યાંય;
પુત્રી તમારી પાદશાહ, પાસે મંગાવી છે આજ,
માટે તેને હમને સોંપો, સરે તમારૂં કાજ.

કરણ— ૫૨

શું આવાં કઠણ વચન ક્ષત્રી બચ્યો તે કેમ સેહેશેરે,
તારાં સાંભળી કુવેણ કઠોર બોલ્યા વીના તે કેમ રેશેરે;
રાખ્ય રાખ્ય ડહાપણ તુંજ દુર. ક્ષત્રી.
ધીક ધીક અલાઉદીન અસુર. બોલ્યા.
મુજ રાજ અસ્ત્રી સુખ સાજ. ક્ષત્રી.
તે તેં લઈ લીધું મુર્ખ શીરતાજ. બોલ્યા.
દેવળદેવી મુજ પ્રાણ આધાર. ક્ષત્રી.
તેનું લેવા બેઠો મુર્ખ શીરદાર. બોલ્યા,
પણ તે વીચાર થશે તુંજ ભંગ. ક્ષત્રી.
જો ઇશ્વર રાખશે મુજ રંગ. બોલ્યા.
જાજા જાજા અહીંથી નાદાન. ક્ષત્રી.
નહીંતો તારૂં થશે અપમાન. બોલ્યા.

અંક ૩ જો.

કરણ— ૫૩

દુઃખનો ન આવ્યો પાર, પ્રભુ મારા દુઃખનો ન આવ્યો પાર,
રાજ સાજ સહુ લઈ રેલીછું., આ શું કષ્ટ દીધું કીરતાર. પ્રભુ.

રાણી હતી તે બે ગમ થઇ બેઠી, દીલ્લી શેહેર મોઝાર.. પ્રભુ.
ધીક ધીક કૌળા ધીક ધીક તુજને, તેં તરછોડયો તું જ ભરથાર.પ્રભુ.
નીમકહરામી તુતો નીવડી, કામ વશ થઇને આવાર. પ્રભુ.
વળી બાકી રહ્યું તું જે સુખ મારૂં, દેવળદેવી મુજ પ્રાણઆધાર.પ્રભુ.
ને દુષ્ટ કૌળા તેં તો મંગાવી, ખોવા પ્રાણ મારો આવાર. પ્રભુ.
રાંડ જાત જગમાં કોઇની ન હોયે, કામ વશ રહે છે નાર. પ્રભુ.

કરણ— ૫૪

અહો ભોળાનાથ લેજો મુને સાથ, મરૂં છું આજ તજી દુઃખદાજ,
નથી કાંઇ પાર,દુઃખનોઆવારા, અરભોળનાથ લેજો સંભાળ;
અપું છું શીર થઇને અધીર, નથી સૂજતો કંઇ રસ્તો દયાળ.

ગુડીઓ— ૫૫

તારી દેવીને રપલાવું, તારી દેવીને રપલાવું;
છાનામાના સંતાડીને, ઘરમા ગપલાઉં. તારી.
તારી માનો ઇંડો ફોડું, દેવીનો લુંટું માલ;
દાથરી તાવડી ફોડી, દેવીનો કરડું ગાલ. તારી.
ઉપર બેસી સ્વારી કરી, ચાબકો ચમકા;
ચીભડાંની વાડીમાં ઘાલી ખુબ રીતે ધમકાઉં. તારી.
ચીભડાં ખાવા આંહી આવ્યો, ખભે મેલી ભલકારૂં;
પણ માર મારી ઠેર કરૂં, ઉભે શેઠે લલકારૂં. તારી.

કરણ— ૫૬

આ કુમળું અડ છેદન કેમ કરૂં. (૨)
બાળ વરસની બાળા આ છે, દુષ્ટ વીચાર કેમ મન ધરૂં૦ આ૦

અરે હું કેવો પાપી કહાવું, નહિતો હથિયાર કેમ હાથ ધરૂં૦ આ૦
પરમ પ્રાણપ્રીય મુજ દીકરી, તેને મારવા માટે કેમ ફરૂં૦ આ૦
ચાલ પરણાવું સંકળ દેવને, તો થાયે કાંઇક પાંસરૂં૦ આ૦

દેવળદેવી— **૫૭**

ગયા ગયારે કયાંય. મારા પ્રાણના પ્યારા;
રૂવે રૂવે છે આંહી, તમારી દારા. ગયા.
મોહન મન હરણ કરી, કયાંય ગયા;
દીન દાશીની દીલમાં, કાંઇ લાવો દયા. ગયા.
આવી નીંદ્રામાં નાથ, દરશન મુજને દીધું;
મળી ભેટી મારી સાથ, આલીંઘન દીધું. ગયા.
છેલા છેતરીને છેક, છુટા કેમ થયા;
મુકી મુજને હો, પ્રીયપતી કેમ ગયા. ગયા.

કરણ— **૫૮**

શું વહાલી વાંધો પડયો છે, બોલો મુખથી આજ;
અફસોસ મન સાને કરોછો. દીલગીરી છો શા કાજ. શું૦
ધરો ધરો મન ધીરજ આપના, મુકો મનની દાજ;
મનમાં જે અભીલાશ રાખોછો, સફળ થશે તે આજ. શું૦
જાઓ જાઓ તમે દેવગીરીમાં, ભોગવજો સુખ સાજ;
સાસુ સસરા જેઠ તણીતો, મનમાં ધરજો લાજ. શું૦

દેવળદેવી— **૫૯**

મારા પીતા પરશન, મુજ પરરે થયા;
દુઃખ દીવસનો, મારા હવે દુરરે થયા. મારા૦

મારા પ્રીયપતીને, મળવા કાજે;
રજન મળી પીતાથી, મુને આજે. મારો૦
જાઉં જાઉંરે હાવે, મુજ પીતા પાશે;
સ્વામી સંકળ દેવ, મળવા જગદીશ હાંશે. થારા૦

બ્રાહ્મણ— ૬૦

જુઓ જુઓ કલી જુગનો ખેલ કેવોરે;
આ અબળા તે સબળા થઇ તેના જેવોરે. જુઓ.
કોમળ રહદયની અસ્ત્રીઓ, અંધારે જતાં બીએ;
માખી મરતી જોઈ, કમ કમાટ તે લીએ. જુઓ.
તે અસ્ત્રીઓ જાતે કરેછે પર ઘાત
પૈસા માટે રાજ કન્યાને મારે છે સાક્ષાત. જુઓ.
રાજ દ્રોહ અસ્ત્રી હત્યા કરે નર જેહ;
તેતો પાપી નકી જાએ નરક માંહે નેહ. જુઓ.

બ્રાહ્મણી— ૬૧

અરે ફટ ફટ જા દૂરથા મુરખા;
તારૂં મોહું કર કાળું, કુબડું ને કરાળું.
ડહાપણ તારૂં જાણ્યું, મોંઢે નાખ બુરખા. અરે.

વીધાત્રી— ૬૨

હું છું વીધાત્રીજ, દેવળ દેવી કેરીરે;
અત્યાર સૂધી રક્ષણ કરતી આવી છુંજરે.
હાવે આગળ ભય ઘણો છે, માનો ખરેખાત;
કોઇ ઠેકાણે ઠામ કરો જઇ, આજનીરે રાત.

સવારમાં ઉઠીને જાજો, દેવગીરી મોઝાર;
મારૂં કહ્યું માનવામાં, નક્કી છેજ સાર.
જો કદી દુર્ભાગ્ય તમારે, જાશોરે તહીં;
શું પરિણામ નીપજશે, તે કહી શકું નહિ.
માટે મારી એજ અરજ, ધ્યાન ધારજો;
છેલ્લી વારના નમસ્કાર, મારા સ્વીકારજો;

સીપાઇઓ— ૬૩

લીઓ. લીઓ સુબાજી અમ અરજ લીજે;
દેવળદેવી લેકે હમકું ઇનામ દીજે. લીઓ.

અલીફખાં-આનંદ આનંદ જગતમાં બહોત બડે;
અલ્લાકી બરકતસેં આય આય પડે. આનંદ.
જીસકે માટે સબ લશ્કર, યાં આય ખડે;
તેતો અપને હાથકું આય ચડે. આનંદ.
ચલો ચલો શુરવીર દીલ્લી જાય ચડે;
પાદશાહ પાસ હજુરમાં જાય ખડે. આનંદ.

દેવળદેવી- ૬૪

અરે ઓ પતી પ્રાણના પ્યારા, શું થયો મુજથી ન્યારો;
હું પ્રાણ તજીશ હો મારા, પ્યારા તુજ વીનારે. અરે.
પડી દુષ્ટો કેરે હાથ, છોડાવો દીનાનાથ;
આવી ઝાલો મારો હાથ, સાથ મુને તેડોરે. અરે.
મારા મનમાં હતી જે આશ, તે થઇ ગઇ વિનાશ;
અહીં પડશે મારી લાશ, દાશ તારી રૂવેરે. અરે.

મારા પીતા ગયા કયાં કરણ, આ પાસે આવ્યું મુજ મરણ;
થયું શત્રુથી મારૂં હરણ, પીતા ઝટ આવોરે. અરે.

ઉરપાળ- ૬૫

ઓ ભ્રાત કરણતું કયાંય ગયો, ઝટ આવ્ય અહીંરે;
ઝટ આવ્ય અહીંરે, ઝટ આવ્ય અહીંરે. ઓ.
નથી નથી દુઃખનો આરો પ્યારા, તારો કંઇરે;
રાજ અસ્ત્રી સુખ સાજરે તારૂં, ગયું વહીરે. ઓ.
દુષ્ટ મલેચ્છે દુઃખરે દીધું, પ્યારા તુજને અતીરે;
ધીક અધર્મી માધવ તુજને, ધીક તારી મતીરે. ઓ.
આ રાજપાટ સૌ સોંપુ તુજને, જો મુજને મળોરે;
જંગલ ફરવું છોડી દઇને, મુજને ભેગા ભળોરે. ઓ.

ઉરપાળ- ૬૬

અરે ફટ ફટ ફટ ધીક ધીક નાગરા;
ધીક ધીક નાગરા, દૂષ્ટ ચંડાળ વાઘરા. અરે
રાજદ્રોહી મહા પાપી, નિર્લજ પહેરે ઘાઘરા;
જાતે ઓળ લગાડી, ખોઇ પાટણના કાંગરા. અરે.

માધવ- ૬૭

અરે દીનપરે દયા ધરી દાદા, ક્ષમા કરો મુજ વાંક;
હું છું મહા પાપી (૨) બદ કામોનો કરનાર;
જેથી કરી હાવે પાસે રહ્યું નહિ, કોઇ પાણી પાનાર. અરે.
ખરેખરો દૂષ્ટ (૨) ચંડાળ અકરમી કુર;
તુર્ક લોકને મેં રાજ્ય અપાવ્યું, જેથી ઉડી ગયું મુજ નુર. અરે

અરેહો જુગજીવન (૨) જગત તણા પ્રતિપાળ;
અવગુણ મારા સહુ માફ કરી પ્રભુ, જલદી મોકલો મુજ કાળ૦અરે૦.

માધવ. ત. રૂપસુંદરી- ૬૮

અરે પ્રભુ દીન દયાળ, આવી લો અમારી સંભાળ. અરે.
અમે પડ્યાં ભર દુઃખમાં આજ, હાવે ઉગારો મહારાજ;
વાંક ક્ષમા કરો જગ પાળ, અરે.
પ્રભુ છો દીનના બેલી કેમ મુકોછો અમને ઠેલી;
અરજ સુણી સમાવો કાળ. અરે,

માધવ- ૬૯

અરે કષ્ટ શું વીચારૂં રે, શુણીને બળે રદયે મારૂં રે;
કરણરાજા બીચારો કયાં હશે, થયું હશે તેનું શુંય;
જે અવગુણ મે તેને કીધો છે, તેથી પસ્તાવુંછું હુંય. અરે.
રાણી તેનીને પાદશાહે રાખી, થઈ બેગમ દીલ્લી મોઝાર;
દેવળદેવી તેની દીકરીને તો, પરણ્યો ખીજરખાં કુમાર. અરે
આવી રીતે બંને મા દીકરી, આનંદમાં રેહે છે ત્યાંય;
એવું જો રાજા કરણ શુણેતો, દેહ પાડે તે યાંય. અરે.
પણ તે બીચારો પૃથ્વી ઉપર, નહિ હોય તે આંય;
જ્યાં હોય ત્યાં પ્રેભુ દયા ધરી, વૈકુંઠ વાશ કરજો જગરાય. અરે.

કરણ- ૭૦

દુષ્ટ ચંડાળ છોકરી મારી, ધીક તુને ધીક માતને તારી;
બહું દીવસ મેં લાડ લડાવ્યા, આખર થઇ તમો પાદશાહની રાણી૦દુ૦

ઉપકાર સઘળા મારા દુર કીધા, પાદશાહ સાથે આલીંઘન દીધા૦ દુઃ૦
તારે માટેતો હું વન ભમીઓ, પણ આખર તુજને મલેચ્છજ ગમીઓ૦ દુ૦
આ દેહને હવે રાખી શું કરૂં, આબરૂ ગઈ હાવે વીખ ખાઇ મરૂં૦ દુ૦

બાવો- **૭૧**

શુણો બચ્ચા બાત હમેરી, કાયકે બાસ્તે આંય આયેને કોન
તુમેરી જાત.

કુન હૈ તુમેરા દેશ વેશને, કૌન પીતા કૌન માત;
કયા બીપત્તી તુમકું પડી, કયા બાસ્તે કરતેહો ઘાત. શુણો.
કયા રંડી તુમકું છોડચલી, કે લગ્યા શીરપર ભાલા;
કયા ઘરકા ધન સબ ચુરા ગયા. કયા છોકડેકું વાઘને ઝાલા૦ શુ૦
યહ દુખમે કૌન દુઃખ તુમેરા, કહોજ સચ્ચી બાત;
કયા બાસ્તે તુમ યહ કુંડમાં, કરતેહો જલપાત. શુણો.

કરણ- **૭૨**

મહારાજ શું વાત કહું મુખથી કથી;
દુઃખ રૂપી સમુંદ્રનો પારતો નથી.
ગુજરાતનો હું રાજા કહાવું, કરણ મારૂં નામ;
મલેચ્છ લોકે લઇ લીધું, નથી રહેવાનો ઠામ.
વળી રાણી મારી લઇગયો, લઇ ગયો કુંવરી બાળ;
દોલત મારી લુટી ગયો, નથી સમતો મારો કાળ.
કામ વશ જે સ્ત્રી જાતી, તેને શાની લાજ;
મારે માટે પાદશાહ મળીઓ, મુજને કરીઓ તાજ.
તે સઘળું દુઃખ મુજને સાલે, ઉડે છે અંગાર;
માટે હું મરવા ચાલ્યું જગમાં, નથી કાંઇ સાર.

આવો-   ૭૩

શુણો બચ્ચા બાત, કહું એક વીચારી:
જેથી સદ્દગતી થાએ તુમારી.   શુણો.
આ જગત છે ક્ષણ ભંગુર જેવું, જેવો પાણીનો પરપોટો;
સંસાર સુખમાં સાર નથી કાંઈ, જેવો ધુમાડીનો ગોટો૦શુણો
બાજીગરનો ખેલ જેવો છે, તેવો છે જગતનો ખ્યાલ;
ઘડી એક પછી કાંઇ ના મળે, સઘળું છે આળ પંપાળ૦શુણો
કોનું સગુંને કોનું છોકરૂં, કોની માએને કોનો બાપ;
સંસ્કારે સર્વે ટોળે મળે છે; તેનો શો કરવો સંતાપ.   શુણો.
માટે અજરા અમર જે સાચો પરમાત્મા, તેનું ધરો તમે ધ્યાન;
વૈકુંઠ વાશને પાત્ર હોશો, જો કરશો કહ્યા મેરા માન્ય.   શુણો

કરણ-   ૭૪.

થયો શું હઠીલો દીન દ્યાળ, નથી કેમ લેતો મારી સંભાળ;
નથી કાંઇ સમતો મારો કાળ.   થયો.
વને વન હું રખડીને થાકયો, ભુલ્યો સરીરનું ભાન;
તોપણ દયા દીલ નથી આવતી, ધરી બેસું તુજ ધ્યાન.   થયો.
દુષ્ટ મલેચ્છો એ મુજને રઝળાવ્યો, લઇને મારૂં રાજ,
તેનું વેર હાવે મારે લેવું છું, સાય થજો શીરતાજ.   થયો.
પણ લશ્કર પસો પાસ નથી મુજ, કેમ કરૂં એ કામ,
કોઈ રાજાનો નોકર થઇને, ફેડું દુશ્મનનો ઠામ.   થયો.
પાછો જાઊં હા [illegible] દેવગીરીમાં સંકળાદેવની પાસ,
બીજા [illegible] છે, તે જાણું હું સઘળું ખાશ. થયો.

લડાઇ જોવાવું પાદશાહ સાથે, રહીને તેની પાશ,
તેના પાસે રહી વેર મુજ લેવું, દુશ્મનોને પડાવું ત્રાશ. થયો.

કરણ— ૭૫

રાજા શું એ વીચારો વાત, કરૂં દુશ્મનોની ઘાત,
નહિ લાત વીના વાત, કહું અરે ખરે ખાત. રાજા. ૧
મારૂં હાર હાર હાર, અને જલદી આવાર,
નહિ બીહું લગાર, કરૂં કેર અપાર. રાજા. ૨
શંકરદેવ—અરે ઠીક વીચારી વાત, મારા સુરવીર સુબા,
તમ સાંભળીને વાત, મમ છુટયા દુંબા. અરે. ૩
ચાલો ચાલો શુરવીર, રણમાં ચલાવો તીર,
દયાક્ષમા દુર કરી, દુશ્મનોનાં ચીરો શીર. અરે. ૪

કરણ— ૭૬

પ્રણામ પ્રણામ પ્રણામ, પ્રણામ પ્રણામ પ્રણામ,
પ્રણામ છેલ્લીવારના, સઉ સજ્જનો પ્રણામ;
પ્રણામ આ દેહને, પ્રણામ જગતને,
પ્રણામ આ વેશને, પ્રણામ ભગતને.
પ્રણામ મુજ ઇશને, જગદીશને પ્રણામ,
પ્રણામ મુજ જીંદગીને, પ્રણામ બીંદગીને;
પ્રણામ છેલ્લીવારના, સહુ સજ્જનો પ્રણામ.

સુત્રધાર— ૭૭

અરે શાબુરા હાલ રાજા કરણ, થયું તુંજ મરણ સાંભળી આજરોજ,
આ ઝળી ઝળી ઝળી ઝળી, બળે રદય આ તુંજ જોતાં;

હાય શું થયું અરે ગુજરાત, જોને આ વાત રૈયત થઇ ચુરો,
આ થર થર કંપે કાય, ગએ તુંજ શુરો. અરે સાબુરા.
અરે હાય હાય પાટણુ શેહેર, ગઇ તુજ લેહેર હતી રાજધાની.
તુને પડયો શોક અપાર, સેને તું માની;
ખરે અરે ગુરજરી માત, કહું ખરેખાત વખત થશે પુરો,
આ થર થર કંપે કાય, ગયે તુજ શુરો. અરે શાબુરા.
અરે કહે નારાયણદાસ, રાખીને આશ મનમાં આજે,
રહી ઇંગ્લીશ નેજામાંહ, વદયાં સુખ સાજે:
નમુ નમુ કરી કરજોડ, દેશો ન ખોડ ખેલ થયો પુરો,
આ થર થર કંપે કાય, ગયે તુજ શુરો. શાબુરા.

સમાપ્ત.

જાહેર ખબર.

સર્વે સદ્‌ગ્રહસ્થોને અરજ કરવામાં આવે છે કે અમારી બુક નીચે લખેલે ઠેકાણેથી રોકડી કીંમતે મળશે. નાટપેટ પત્ર લીધામાં આવશે નહિ. વળી વિશેષ અમારી પુસ્પ પ્રભાવતીના નાટકનાં ગાયનોની બુક તૈયાર થાય છે તેને માટે જે ગ્રહસ્થ અગાઉ નામ નોંધાવશે તેને અમારી બંને ચોપડીઓ ત્રણ આનામાં મળશે. પુસ્પ પ્રભાવતીમાં તે ગ્રહસ્થનું નામ દાખલ કરવામાં આવશે. દશ લેનારને એક વધારે.

મહારાજા કરણ વાઘેલા નાટકનાં ગાયનો.	કીંમત	રૂ.		૦-૨-૦
પુસ્પસેન પ્રભાવતી	,,	,,	,,	રૂ. ૦-૨-૦

મળવાનાં ઠેકાણાં.

રા. રા. મોતીભાઇ સામળદાસ પટેલ. મુ. ઉતર સંડા.

પોષ્ટ નડિઆદ.

રા. રા. નારણદાસ ગોતીરાંમજી મેહેન્ત. મુ. બોરસદ.

ઠે. લક્ષ્મીનારાયણમેં.